4/25/2021

# ભારતનો ટંકાર

રચનાર

અરદેશર ફરામજી ખબરદાર

મુંબઈ

શેઠ માણેકલાલ જેઠાભાઈ
પુસ્તકાલય.
અમદાવાદ.

સંવત ૧૯૭૫ ઈ૦ સ૦ ૧૯૧૯

( સર્વ હક કર્ત્તાને સ્વાધીન )

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

The best compliment to Writer of this book

મુંબઈ—ખેતવાડી બ્યાકરોડ ઘર નં. ૧-૨ અને ૩ અહીંઆ "તત્ત્વ વિવેચક" છાપખાનામાં રા. ભીવાજી હરી શિંદે એને છાપ્યું તે મદ્રાસ, હાઇકોર્ટની સ્હામે અરદેશર ફરામજી ખબરદાર એને પ્રગટ કર્યું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

# BHÂRATNO TANKÂR

OR

# THE CALL OF INDIA

By

ARDESHIR FRAMJI KHABARDAR

BOMBAY

1919

*( All rights reserved by the author )*

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# અર્પણ

( હરિગીત )

જે હૃદય પ્રતિ નસનસ બધી ધસતી દિસે આ દેહની,
જે સિન્ધુ પ્રતિ સરિતા બધી રૂહે દોડતી અમ સ્નેહની,
તે નસ અને સરિતા અહિં એક જ પ્રવાહે સહુ મળો,
ઓ **માત ભારત**! તુજ વિશે તે પુણ્યભાવે જઈ ભળો !

મુજ ગાન ગાયાં સર્વ તે આ એક ગાને જો શમે,
જ્યમ લક્ષ તારકતેજ તો રવિતેજમાં જઈ આથમે.
ગાયાં ન ગાયાં ગાન તે પણ સર્વ ત્હારાં છે તદા,
ઓ **માત ભારત**! તુજ ચરણને સ્પર્શ તે ખીલો સદા !

મુજ મિષ્ટ મોંઘાં સ્વપ્ન તે ક્યમ અબળ વાણીમાં ભરૂં,
તુજ લાખઝરણી કીર્ત્તિ તે ક્યમ એક જીભે ઉચ્ચરૂં ?
મુજ ગાનજીવન તેમ જીવનગાન તુજ ચરણે ધરૂં :
અર્પણ બધું તુજને જ તો અર્પણ અવરને શું કરૂં ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# પ્રસ્તાવના

"અમ હૃદય શૌર્ય-અંગાર નથી હોલાયો,
સમયે દાવાનળ સમો ઉલટશે ચાલ્યો !
બ્રિટનની ધ્વજની હેઠ અમે ધૂમીશું,
જયજય જયજય જયકાર રણે જ કરીશું !

એ આશ અમારી જયગીતે ને જયડંકાએ જડી જડી,
જયડંકાએ જડી જડી !
ભારતભૂમિના શૂરપુત્ર તે સદા ન રહીશું રડી રડી !"—
("પ્રકાશિકા"માંના 'ભારતભૂમિનું જયગીત' એ કાવ્યમાંથી, પૃષ્ઠ ૭૦)

લગભગ અગ્યાર વર્ષ ઉપર છપાયલા કાવ્યમાંની આ ભવિષ્યવાણી ખરી પડવાનો સમય આટલો જલદી આવશે, એમ કોઈ પણ ધારતું નહોતું; પણ ભારતના વીરપુત્રો બ્રિટનની ધ્વજા હેઠે ભરદુનિયાના મહાયુદ્ધમાં ઘુમ્યા છે અને શત્રુનો પરાજય કરીને જયગીત વગાડતા ભારતને દ્વારે પાછા ફર્યા છે, તે જોઈને કિયા ભારતવાસીનું હૃદય આનન્દ અને ગર્વથી પ્રફુલ્લિત નહિ થશે ? શૌર્યનાં બીજ તો મનુષ્ય-માત્રમાં હોય છે, પણ સમયાનુકૂળ વાયુ વાતાં જ જેમ વૃક્ષપર અંકુરો ફૂટીને ફૂલ અને ફળ તે પ્રાપ્ત કરે છે, તેમ પ્રસંગ આવતાં ભારતના પ્રજાજનનું શૌર્ય પણ ઘૂણી ઊઠયું છે, અને યોગ્ય તક અને ઉત્તેજન મળે તો ભારતનું શૌર્ય પણ જગતના બીજા પ્રજાજનના કરતાં કાંઈ ખાંડયું જાય તેવું નથી, એ વાત પ્રત્યક્ષ સિદ્ધ થઈ છે. જગ્યા ત્યાંથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર



પ્રભાત, તેમ ભારતનો આત્મા જાગ્યો છે, અને એ જાગતાં જે પ્રભાત ઉગ્યું છે તેનો પ્રકાશ હવે પળપળ વધતો જ જશે, એવી પ્રત્યેક ભારતવાસીની દૃઢ શ્રદ્ધા છે.

ધર્મભક્તિ અને દેશભક્તિ એ માનવજાતિના ઇતિહાસના મુખ્ય અંશો છે, અને એ ઇતિહાસમાં નોંધાયલાં અનેક પરિવર્તનોનું મૂળ પણ એ જ એ અંશોમાંથી જડી આવે છે. જો કે તમામ જગત એક જ પ્રભુનું કુટુંબ છે, છતાં દેશકાળાનુસાર જૂદી જૂદી પ્રજાઓ બંધાતાં તે તે પ્રજાઓનાં વિશિષ્ટ લક્ષણોથી પ્રત્યેકનું વ્યક્તિત્વ ગણાય છે; અને જેમ પ્રત્યેક જીવ પોતાના જીવનના રક્ષણ માટે સતત મથન કરે છે તેમ પ્રત્યેક પ્રજા પણ પોતાનું સમુદાયજીવન ટકાવવા અને તેને સમર્થ કરવા મથે છે. આ મથન પણ પ્રભુના પ્રેમઝરણમાં વહેવા માટે આવશ્યક છે, કારણ જેમ વ્યક્તિનો આત્મા ઉચ્ચગતિ પ્રાપ્ત કરવા ધર્મબંધને પરમાર્થ શોધે છે, તેમ સમષ્ટિનો આત્મા પણ ઊંચે ચ્હડવા એ જ સમગ્ર વ્યક્તિઓના સ્વાર્થત્યાગની માગણી કરે છે. અને એવી રીતે પ્રભુના સતત ધર્મનું રક્ષણ કરીને તે જગતને ઉપકારક બને છે. ધર્મભક્તિ વિના દેશભક્તિ કાંઈ કામ આવતી નથી અને ઉલટી તે હાનિકારક થાય છે, તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત હાલના મહાયુદ્ધમાં પ્રખર દેશભક્તિ અને તમામ યુદ્ધસામગ્રી છતાં અંતે જર્મનીનો જે પરાજય થયો છે, તેમાં જડી આવે છે.

સદ્‌ભાગ્યે ભારતપ્રજાના ઇતિહાસમાં ધર્મભક્તિ પ્રથમથી જ આદિ-સ્થાન લે છે, અને એ ધર્મભક્તિથી જ એ પ્રજાનું જીવન કાળના અનેક મારા છતાં હજી ટકી રહેવા પામ્યું છે. તડકાછાંયા તો જગતના જીવનાકારમાં વણ્યાં જ જાય છે, અને પ્રકાશ અને અંધાર, જીવન અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

મૃત્યુ, જાગૃતિ અને સુષુપ્તિ, એ દ્વંદ્વો પણ એ જ આકાશમાં રમે છે. ભારતે અનેક તડકાછાંયા જોયા છે, અને પોતાની અંધારપળમાં પણ તે શુદ્ધ ધર્મને નહિ તો તેની સબળ છાયાને પણ વળગી રહીને તે પોતાનો શ્વાસ ટકાવી રાખી શક્યું છે. પ્રભુકૃપાએ એ અંધારપળ પણ હવે પૂરી થઈ છે અને પ્રકાશનાં આછાં પગલાં બધે પાછાં પડવા માંડ્યાં છે, ત્યાં એ છાયાને બદલે પાછી તીવ્ર ધર્મભક્તિ બધે સ્ફુરવા માંડી છે, અને એ ધર્મભક્તિની સાથે દેશભક્તિ પણ પુનઃ જાગવા લાગી છે. વીજળીના ચમકારાની પાછળ ગગડાટનો કડાકો થાય છે, તેમ હાલના મહાયુદ્ધમાં થયલા ધર્મોજયની પાછળ દેશભક્તિની ગર્જના દુનિયાની તમામ પ્રજાઓમાં ગાજી ઊઠી છે, તો ભારતની ધર્મભક્તિવાળી પ્રજાના હૃદયમાં પણ એ જ દેશભક્તિનો કડાકો થાય તો તેમાં નવાઈ નથી.

આ પુસ્તકમાંનાં કાવ્યોની પ્રેરણાનું મૂળ પણ એ જ વિચારોમાં રહેલું છે. ભારત અને બ્રિટાનિયાનો સંબંધ પણ કંઇ કંઇ રાજસી અને તામસી વૃત્તિઓના ઉકળાટ છતાં સાત્ત્વિક ધર્મવિચારોને લીધે જ ઈશ્વરેચ્છાએ બંધાયો હતો અને હજી તેથી જ તે ટકી પણ રહ્યો છે. ભારતની ઊંડી સુષુપ્તિ બ્રિટાનિયાના દેશભક્તિ, સ્વાર્થત્યાગ, સ્વાતંત્ર્ય-સેવન અને સત્યન્યાય, એ સમર્થ ગુણોના સંસર્ગ અને દર્શનથી ઊડી ગઈ છે, અને એ જ ગુણોનો પ્રકાશ પાછો વધારવા તે ઉત્સુક બન્યું છે. હાલના મહાયુદ્ધને પરિણામે આખી દુનિયામાં ચળવળ ઊભી થઈ છે, અને સત્ય તથા ન્યાયનાં અચળ સૂત્રો આગળ ધરીને ન્હાનીમ્હોટી પ્રજાઓ પોતાના પ્રજાત્વના હકની માગણી કરે છે અને તે માગણી મહારાજ્યોએ સ્વીકારી પણ છે. એ મહાયુદ્ધમાં ભારત પોતાના અડગ ધર્મથી પોતાના સમ્રાટ્ પતિને પડખે રહીને અનેક વીરપુત્રો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર



અને અઢળક ધનનો ભોગ આપીને કૃતાર્થ થયું છે. એ મહાયુદ્ધમાં સામેલ થઇને ધર્મનું તથા પોતાનું રક્ષણ કરવા બ્રિટાનિયાએ ભારતને આવાહન દીધું અને ભારતે તે આનન્દથી સ્વીકાર્યું; અને ભારતનો એ મહાપ્રયત્ન એ યુદ્ધનો અંત જલદી લાવવામાં કેટલો સહાયભૂત થયો એ સર્વ વાત તો હવે જગતપ્રસિદ્ધ છે.

આ ગ્રંથમાંનાં કાવ્યોનો ઉદ્‌ભવ એ જ આવાહનકાળે થયો હતો. જગતના આ પરિવર્ત્તનકાળે દેશેદેશના કવિઓનાં હૃદય ધધણી ઊઠ્યાં છે, તો ભારતના કવિઓનાં દિલ પણ ડોલાયમાન થાય તે સ્વાભાવિક જ છે. હતભાગ્યે ભારતમાં હમણાં સુધી 'દેશભક્તિ' એ 'રાજ-દ્રોહ'નો જ પર્યાય છે એવી સમજ કેટલાક અમલદારવર્ગમાં હતી, અને તેથી પ્રજાના આત્માને ઘણી રીતે કચરાવું અને મુંઝાવું પડતું હતું. પણ બ્રિટિશ મહાજને ભારતની પ્રજાનું વ્યક્તિત્વ હવે માન્ય રાખ્યું છે અને તેને પોતાની આંતરવ્યવસ્થાના હક સંપૂર્ણપણે મેળવવાના માર્ગે ચ્હડાવ્યું છે, તો આશા છે કે ઉપલી ગેરસમજ હવે વધુવાર ટકવા પામશે નહિ. ધર્મયુક્ત દેશભક્તિના પોષણથી જ ભારતની સત્ય ઉન્નતિ સત્વર થવા પામશે, અને ભારતની ઉન્નતિમાં જ બ્રિટિશ સામ્રાજ્યની મહત્તા અને સલામતી છે. ભારત અને બ્રિટનિયાને જગતમાં હવે સાથે સાથે ઊભવું છે, અને એ સંબંધ ટકાવવા અને વધારવા પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને સહનશીલતા રાખવાં જોઇએ. સંબંધીને સાથે રાખવા તેને સ્વશક્તિથી ચાલવા દેવા અને સામાન્ય ભય વેળાએ તે આંતરબળથી એકસરખો ખડો થઈ શકે તેમ કરવામાં જે લાભ અને નિશ્ચિંતતા છે, તે તેને નિર્બળ અને પરતંત્ર કરીને મને-કમને પાછળ ઘસડવામાં નથી. સ્વાશ્રય એ ઉન્નતિનું મૂળ છે; અને મ્હોટાની મહત્તા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



ન્હાનાનું ન્હાનપણુ જાળવી રાખવામાં નહિ પણ તેને સ્વાશ્રયી કરીને મહત્તાને માર્ગે ચ્હડાવવામાં છે.

જીવન એ સતત યુદ્ધ છે, તો એ જીવનને ટકાવવા અને જયવંત કરવા શૂરાતનની પ્રથમ આવશ્યકતા છે. કળાના નવે રસમાં એથી જ વીર-રસનું પ્રાધાન્ય મનાયું છે. મનુષ્યહૃદયના ઉજ્જવલ ભાવો--સ્વાર્થત્યાગ અને સ્વભોગ—એ રસમાં પૂરા ખીલી નીકળે છે, અને એજ ગુણો ધર્મ-ભક્તિ અને દેશભક્તિના અચળ સ્થંભો છે. ગુર્જરસાહિત્યને મંદિરે દેશભક્તિનાં પુષ્પો ગતકાળમાં સારી પેઠે ચ્હડયાં છે, અને તેમાં વીર-બન્ધુ કવિ નર્મદનો ઉપહાર સબળ અને પ્રધાન છે. એમની પછી ડૉ. હરિલાલ ધ્રુવે એ જ મંદિરની ઘંટા ઉછળતા વીરનાદે વગાડી છે. એ મંદિરના સર્વ પૂજારીઓને ભારતનાં ગાન કરૂણરસમાં જ પ્રથમ કરવાં પડયાં છે, પણ કરૂણરસમાંથી આત્મભાન થતાં વીરરસ સ્વાભાવિક જન્મે છે. આ પુસ્તકમાંનાં કાવ્યોનો પ્રવાહ પણ એવી જ રીતે વહ્યો છે. જેવાં તેવાં પણ અંતરની સત્ય અને સબળ ઊર્મિથી ચૂંટાયલાં આ કાવ્યપુષ્પોનો ઉપહાર હું ગુર્જરસાહિત્યદેવીને ચરણે ધરૂં છું, અને એ ધરવામાં જ જે આનન્દ અને સંતોષ મને પ્રાપ્ત થાય છે તેમાં જ હું મ્હારૂં અહોભાગ્ય સમજું છું. ગુર્જરબન્ધુઓને તેમના નવજીવનમાં આ કાવ્યો કાંઈ પણ પ્રેરણારૂપ થશે તો તેમાં જ એ કાવ્યોનો હેતુ સફળ થયલો ગણાશે. એક લેખક એથી વધુ શી આશા રાખી શકે?

હાઇકોર્ટની સ્હામે,
મદ્રાસ, ૫-૧-૧૯૧૯ } અરદેશર ફરામજી ખબરદાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# અનુક્રમણિકા


સ્વપ્ન— પૃષ્ઠ

સ્વપ્ન ... ... ... ... ... ... ... ૩

મનન—

સ્થિતિદર્પણ ... ... ... ... ... ... ૧૭
વિનિપાત ... ... ... ... ... ... ૨૧
નેણમાં નીર ભરો શું ? ... ... ... ... ૨૨
અસ્ત ... ... ... ... ... ... ... ૨૩
રત્નહરણ... ... ... ... ... ... ... ૨૫
પ્રયત્ન ... ... ... ... ... ... ... ૨૭
ઉદયના મંત્ર ... ... ... ... ... ... ૨૮

ગુંજન—

ભારતની પૂજા... ... ... ... ... ... ૩૧
ભારતમાતાને ભૂલતો માં ! ... ... ... ... ૩૫
અનન્ય ભારત... ... ... ... ... ... ૩૭
ભારતમૈયાની હોરી ... ... ... ... ... ૪૦
પ્રકાશનાં પગલાં ... ... ... ... ... ૪૧
ભારતનો વિજયધ્વજ... ... ... ... ... ૪૪
સ્વાર્પણ ... ... ... ... ... ... ... ૪૭

ગર્જન—

ભારતમાતા અને તેના કવિઓ ... ... ... ૫૧
ભારતી વીરનું કૂચગીત ... ... ... ... ૫૩


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

ભારતનું નગારું ... ... ... ... ... ૫૫
શંખનાદ ... ... ... ... ... ... ... ૫૬
હોળીના ભડકા ... ... ... ... ... ... ૫૮
વીરનું સ્વરૂપશોધન ... ... ... ... ... ૫૯
શૂરવીરનાં રણસૂત્ર ... ... ... ... ... ૬૦
રણે વિદાય ... ... ... ... ... ... ૬૨
રણરસના રાસા... ... ... ... ... ... ૬૩
નવજીવનનાં આવાહન ... ... ... ... ... ૬૬
શૌર્યનાં સ્મરણ ... ... ... ... ... ... ૬૯
હે ભારતના લડવૈયા ... ... ... ... ... ૭૨

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# સ્વપ્ન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# સ્વપ્ન

(પ્રતિધ્વનિકા છંદ*)

૧

આજ બધે અન્ધાર વહી આ પથરાયો,
ઉર છાયો;
તારા પણ સહુ ઝૂમાતા કંઇ પલકારી
નિશ સારી;
આત્મ રહ્યો એકલ મુજ ઊંડું તમ માપી,
નભ વ્યાપી.

૨

સરતા ઊંડા પર્વતમાંથી ધ્વનિ આવે,
ચમકાવે;

---

*આ છંદ નવો રચ્યો છે. ૧-૩-૫ પંક્તિમાં ૨૨ માત્રા અને ૨-૪-૬ માં ૬ માત્રા છે. ૧-૫-૯-૧૩-૧૭ અને ૨૧ માત્રાએ તાલ છે. ૧૬ મી માત્રાએ યતિ છે. ૧૭-૧૮ માત્રા લઘુ જ જોઇએ તથા દરેક પંક્તિનો છેલ્લો અક્ષર ગુરૂ જ જોઇએ. ૨-૪-૬ પંક્તિઓમાં પણ ૧-૫ માત્રાએ તાલ છે, પ્રથમની બે માત્રા લઘુ જોઇએ તથા છેલ્લો અક્ષર ગુરૂ જોઇએ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ભરતા લાખો કોતરમાં તે સુસવાટા
ઘુઘવાટા;
ને અહિં પવન ભમી આથડતો મુજને તો
કંઇ કહેતો.

૩

આ'વી રજનીમાં ન સુણ્યા મેં ધ્વનિ એવા,
ભય દેવા,
હોય હજારો પગલાંના જ્યમ ધબકારા
કંઇ ન્યારા
દૂરથકી ધીમે અહિં વધતા ધમધમતા,
મન દમતા.

૪

આકાશે કંઇ શાન્તિ રહી છે લહરાઈ,
તમ છાઈ;
એક ઘડી જાશે ને વાશે રસલ્હાણું
દઈ વ્હાણું,
ને રહેશે ઉંડુ સાળુ ઉષાનો મુખ ઓઢી,
નભ પોઢી.

૫

પણ મુજ દૃષ્ટિ સમીપે નવલું કંઇ જામે
ઇહ ઠામે:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ભૂત સમા અણગણ જનકેરા પડછાયા
મનકાયા
ધારી પવન સહિત આવે બહુ તરવરતા,
સ્થળ ભરતા.

૬

એ પડછાયા રજની વીત્યે નહિ રહેશે
દિનદેશે,
ને એ ભૂતજનોની પ્રતિમા ઝલકારે
નહિ ત્યારે:
માત્ર કદી નિરખું ના નિરખું શમણામાં,
ભ્રમણામાં.

૭

ને મુજ આત્મ રહ્યો ઝબકી આ સહુ જોઈ,
શમ ખોઈ;
ને તારા પણ ઝૂમાતા આ ધબકારે
પલકારે;
ને આ પવન કુતુક એ જોવા ભટકંતો
અટકંતો.

૮

જાણે આત્મ બધાના જાગી કંઇ પૂછે:
"અહિં શું છે?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

"ભૂતજનો! છો કોણ? પધાર્યા સહુ ક્યાંથી,
"નિશસાથી?
"ક્યાં ચાલ્યા ગમ્ભીરપદે આ, કંઇ બોલો,
"ઉર ખોલો!"—

૯

(રણગીત છંદ*)

"અમે ભારતના ગતવીરો,
ગત ભારતજયના ભૂત;
રણરણ ઘુમતા રહિયે ઝુમતા,
વનવનવાસી અબધૂત;
શિખરે શિખરે, કુહરે કુહરે,
અમ શુદ્ધ પડી છે રાખ,
લડતાં પૂર
પડતાં શૂર,
જ્યારે શીશ ઉડાવ્યાં લાખ,
જ્યારે નીક વહી અમ રક્તતણી,
ને શીશ ઉડાવ્યાં લાખ!

---

* આ છંદ નવો રચ્યો છે. ઉછળતા વીરરસના જમાવ માટે એ કેટલો અનુકૂળ લાગે છે તે તો એનો ધસારાબંધ વહેતો પ્રવાહ આપોઆપ દર્શાવે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૧૦

"અમે તો ભારતના વીરો :
અમે લડ્યા હજારો જંગ;
અરિભય હરતા, જયજય કરતા,
બહુ રણમાં રાખ્યો રંગ;
તનતન તણખા, લોચન ભડકા,
હૈયે મરદાની હામ;
ઘુમતા ઘોર
ઠોરેઠોર,
લઈને જીભે ભારતનામ,
હાથે ધ્વજા પતાકા ઉડતી ત્યાં,
ને જીભે ભારતનામ!

૧૧

"અમે ભારતના લડવૈયા,
અમે સુભટ સિપાહી શૂર;
રણઘોંઘાટે જ્યાં નભ ફાટે,
ત્યાં ઝૂઝયા રસભરપૂર;
સાગર ખેડ્યા, પર્વત ફેડ્યા,
અમે જીત્યા દાનવ દેવ;
કૂદી વ્યોમ,
કસતા જોમ,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

પાડ્યાં નભછપ્પરનાં નેવ,
પાડ્યાં કિલ્લા કોટ અનેક કહિંક,
ને નભછપ્પરનાં નેવ.

૧૨

"અમે મૂઆ ભારત કાજે,
અમે દીધા મોંઘા પ્રાણ;
ભારત કાજે મરવું છાજે,
એ ગણી અમારી લ્હાણ!
તનઢગ પડિયા અમ, ત્યાં ચઢિયા
બાન્ધવ બીજા અમ વીર,
દઈને પાગ,
સાધ્યો લાગ,
કીધાં કેસરિયાં સહુ ચીર;
રણમાં કેસરિયાશું તન ઝૂઝયાં,
ને કેસરિયાં સહુ ચીર.

૧૩

"ના હાક પડી કો રણમાં,
ના ખખડી કો તરવાર,
બન્દુક ફરસી ન બની તરસી,
ના યુદ્ધતણો ટંકાર,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ધમધમ કરતાં, રણ પદ ધરતાં,
ન ધસ્યાં દળ કો ધુનભેર,—
પણ અહિં સ્હેજ
એ સહુએ જ
અમને સૂતા જગવ્યા ફેર,
મિટ્ટી ફરી અમારી ધુણવી અહિં,
ને સૂતા જગવ્યા ફેર!

૧૪

"ઘેરાયું પશ્ચિમ ઘનથી,
કંપ્યાં ધરણી આકાશ;
સહુ ધર્મ ઢળ્યા, દૈત્યો ઉછળ્યા,
કરતા જગસત્યવિનાશ:
ધૂજે ઝગડે ધબ્બડે ખખડે
ભારતમાતાનાં દ્વાર,
ઊંડે દૂર
પાસે દૂર,
આવે ભયના કંઇ ભણકાર,
આવે ઘોગમ ઘોર અવાજ ઘણા,
ને ભયના કંઇ ભણકાર.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



૧૫

"અમે **ભા**રતના મૃત વીરો:
મૃત તોપણ **ભા**રતપુત્ર!
અહિં શોર સુણી ઊઠ્યા ધણી,
અમે ફરી સ્મર્યું અમ સૂત્ર:
બન્ધન તોડ્યાં, જગપટ ફોડ્યાં,
દેવા **મા**તાને હાથ,
રક્ષણ કાજ
જઇયે આજ
શૂરા મૃત પુત્રો સહુ સાથ,
ભારતના જીવંત સુતો ઝૂઝે,
ને મૃત પુત્રો પણ સાથ!"—

૧૬

( દિવ્ય )

આવો, વીરા અમ શૂરા,
આવો, બાન્ધવ અમ ધીર!
તમ તીવ્ર પખાજ બજાવો,
ડોલાવો તારકશીર;
શૂરા પૂરા સહુ આવો,
ઉછળે જ્યાં દૈત્યસમાજ:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ભારતમાતાને માટે
નહિ સૂતા રૂહે કો આજ!

૧૭

આવો, વ્હાલા મૃતવીરો!
છે અમર તમારા પ્રાણ;
ભારતહૃદયે ઉજ્જવલ તમ
છે થળથળમાંહિં નિશાન.
તમ રુધિર વહ્યાં છે સિંચવા
ભારતજીવન દિનરાત:
હા, વીર તમે મૂઆ કે
અહિં જીવે ભારતમાત!

૧૮

આકાશ બધાં દ્યો વિંધી,
આ ફોડી દ્યો પાતાળ,
ખોળો પૃથ્વીનાં પોથાં,
ભાળો ખોલી ઉર કાળ:
ભારત જેવી પ્રિય માતા
છે જગમાં બીજી કોઈ?
તમ જન્મ થયો અહિં ધન્ય જ!—
શું દઈશું અમ તક ખોઈ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૧૯

નહિ, નહિ!—આ ઊઠ્યા આજે,
    અમ કમ્મર કસિયે તંગ;
અમ નસમાં **ભા**રત વ્હે છે,
    અમ રુધિરે **ભા**રતરંગ!
**ભા**રત, **ભા**રત ને **ભા**રત
    ઉછળે અમ શ્વાસોચ્છ્વાસ:
વીરા! **ભા**રતપ્રેમીનો
    બતલાવો મરણવિલાસ!

૨૦

આવો પાછા, અમ વીરા!
    અહિં ઊભા ર્‌હો અમ સાથ:
પડઘમ તમ ધમધમ કડકે,
    ફરકે **ભા**રતધ્વજ હાથ.
તમ સત્ય અને તમ દૃઢતા,
    તમ શૌર્ય અને તમ પ્રેમ:
વીરા! અમને શીખાડો,
    તમે ધન્ય જ મૂઆ કેમ!—

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૨૧

( પ્રતિધ્વનિકા છંદ )

ધીમે ધીમે રજની વ્હેતી અહિં ચાલી
થઈ ખાલી;
ધીમે ધીમે સૂતા મારી પલકારા
સહુ તારા;
ને કહિં પવન જઈ આરામ્યો ખુબ થાકી
નિશ આખી.

૨૨

ધીમે ધીમે સહુ ધબકારા રણ રેલી,
અહિં ખેલી,
દૂર જઈ અન્ધાર સમાતા કંઇ લાગે,
દિન જાગે;
પણ તેના ભણકારા વાગે મુજ કાને
અભિમાને.

૨૩

ધીમે ધીમે આંખ ઉષાની ઉઘડીને
મુખ ભીને
રૂપેરી ચુમ્બન કરતી ત્યાં કુસુમોથી
નભ મ્હોતી,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ને તેની કીકીનાં હાસ્ય જ અહિં છાયાં
મનચાહ્યાં.

૨૪

જોતાં જોતાં સહુ અન્ધારાં વિખરાશે,
કહિં જાશે:
ને આત્માની ઊંઘ જશે આ સહુ ઊડી
રસ બૂડી,
ને નવજીવનની લહરીઓ અહિં વાશે
નવ–આશે.

૨૫

સ્વપ્ન ગયું ઊડી, ને ધબકે ઉર મ્હારૂં;
ક્ષણુ ધારૂં,
જ્યારે જ્યોતિ ઉઘડશે ત્યારે નવ રૂહેશે
તમ લેશે,
ને ભારતમાતા ભર ઝળશે પ્રભુતેજે
શ્રમ સ્હેજે!

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# મનન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# સ્થિતિદર્પણ

( મણિ છંદ )

જગદુઃખ અનેક વહ્યાં,
હસતાં મુખ કૈંક થયાં;
પણ આ અમ **ભા**રતમાતતણાં
નવ આંસુ હજીય ગયાં. ૧

પણ જાય, કહો, કહિંથી?
સુખ થાય અહો કહિંથી?—
દિનરાત રડે અમ માત છતાં
ન પડ્યા ડગિયે અહિંથી! ૨

કંઈ ક્લેશ વધ્યા જગમાં,
કંઈ લોક વધ્યા વગમાં:
પણ ના અમને હિલતાં ખુંચતી
જડ સાંકળ આ પગમાં! ૩

જડ સાંકળ હેમતણી,—
મર સુન્દર સ્હોય ઘણી:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

પણ ધર્મ હણી, શુભ કર્મ ખણી,
નરના બનવું રમણી! ૪

સહુ શક્તિ કુપન્થ વહી,
મરદાઈ ન કાંઈ રહી;
પરતંત્રપણે બહુ કાળ વસી
નવ અન્તરસિદ્ધિ લહી. ૫

અમ શસ્ત્ર ન અસ્ત્ર ન કો,
નવ વસ્ત્ર રહ્યાં તન કો;
અમ રક્ષણ કાજ સદા સુણવો
પરશસ્ત્રતણો રણકો! ૬

ધિક એ સુખ, નિર્ભયતા!
ધિક એ પરશાન્તિમતા!
ધિક પ્રૌઢ વયે પણ બાળ સમી
પરપાલવની મમતા! ૭

શિર પ્હાડ અનેક પડે,
નભ ઘોર બધે ગગડે;
પણ રાવણબન્ધુ સમી સહજે
નવ આ અમ ઊંઘ ઉડે. ૮

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



ઉડશે ક્યમ એ જલદી?—
ન બને ઉર જે દરદી:
મન ટેક વિવેક ન એક રહ્યો,
ઉછળે તહિં રક્ત કદી? ૯

નવ હાથ રહ્યા અમ શું?
શિર ઘા નગણ્યા ખમશું?
પશુ કાયરશું જગદેશ ખમી
અમ જીવન નિર્ગમશું? ૧૦

પ્રિય બન્ધુ સુમન્[illegible] અહો!
નિજ અન્તર ખન્ત ગ્રહો!
જગ આજ પ્રભાત બધે ઝળતું
નિજ આંગણ શું ન ચહો? ૧૧

ગમતું તિમિરે પડવું?
ગમતું શિશુશું રડવું?—
નહિ! મર્દ બની પ્રિય માતથકી
નવજીવન છે ઘડવું! ૧૨

ન પ્રકાશ પ્રભાત વસે,
ન પ્રકાશ જગે વિલસે:
ઉઘડે જવ આંખ જ ઊંઘથકી
તવ સત્ય પ્રકાશ થશે! ૧૩



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર
19/50

તવ એક જ તે ક્ષણમાં
શમશે જગ લોચનમાં:
જગને નિરખી નિજમાં પણ તે
સુપ્રકાશ ભરો તનમાં! ૧૪

નયને નયને પ્રગટે,
હૃદયે હૃદયે ઉલટે;
નવજ્યોતિ જ એ નવચેતનથી
મૃતજીવનને લપટે. ૧૫

પ્રિય! પુણ્ય, પરાર્થ જ એ;
રસ, જીવન સાર્થ જ એ:
પ્રિય આંગણ ભારતમાતતણાં
ભરશે જગનાથ જયે! ૧૬

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# વિનિપાત

( ગીત )*

કંઇ રંગ જુઓ જશભંગતણા આ, રોજ ઘટે ઉરજ્યોતિ;
જેમ પગે કચડાય જ મોતી, જીંદગી રહે પત ખોતી.—કંઇ.

રજપુત તે શું ગરજપુત બનીને રંડાવશે રજપુતાઈ?
ઠાકરના સહુ ચાકર થઈ શું ઠાલી કરે ઠકરાઈ?
રે ભાઈ, એવી બડાઈ શું સ્હોતી?—કંઇ. ૧

ખમ્મા ખમ્મા કરી પાછળ દોડે, દમમાં જે દિનભર રહેતા;
માન મૂકીને સર્વ થયા તે ધમ્માધમ્મીમાં વહેતા!
રે ભાઈ, રહી અમીરાઈ એ રોતી.—કંઇ. ૨

દેહ ને દેશનું માન રહ્યું નહિ, ગાન રહ્યું પરઆશે;
નૃપિપતિ જે સત્ય હતા તે ભૂમિ રતિમાં રોળાશે?
રે ભાઈ, તમ સરસાઈ શું ન્હોતી?—કંઇ. ૩

વીર પૂર્વજના પુત્ર ગણાશે આજ ફકીર હિચકારા?
આતમ રહ્યો, જૂની કીર્ત્તિ રહી, ઊઠો, કાળ કરે હલકારા!
રે ભાઈ, ગઈ મરદાઈ લ્યો ગોતી!—કંઇ. ૪

---

* "મ્હારા તનમાં મનમાં ભર્યો છે…" એ "સૌભાગ્યસુન્દરી" નાટકમાંના ગાયનના લયમાં, ફેરફાર સાથે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# નેણમાં નીર ભરો શું ?

( રાગ કાફી )

નેણમાં નીર ભરો શું, વીરા ! ખોયું છે આંખરતન હો !

બાપદાદા તમ બહુબહુ કરતા જગતમાં જેની જતન હો,
ભૂલા પડી તમે ભ્રમમાં ભમાઈ, શરમાવ્યું તે નરતન હો :
વીરા, ખોયું છે આંખરતન હો. ૧

પરકરમાં નિજ સર દઈ નાચ્યા, નચવ્યા ત્યમ થનગન હો ;
કીધી નહીં દરકાર પ્રથમ કંઇ, આજ ઊઠે છે અગન હો :
વીરા, ખોયું છે આંખરતન હો. ૨

સંપ કીધો તમ શત્રુએ દ્વેષે કરવા તમને પતન હો;
હાય તમે નહિ એક રહ્યા ત્યમ, પ્રેમ ધર્યો નવ મન હો !
વીરા, ખોયું છે આંખરતન હો. ૩

નેણ ભરી ભરી નીર વહાવ્યે આવે નહિ ગત ધન હો;
ઊઠો, ઉદ્યોગ કરો શુભ જોગે, માંડવો ઐક્યહવન હો !
વીરા, ખોયું છે આંખરતન હો. ૪

એ જ પ્રકાશે સદન ઉજવાશે, વેરશે હાસ્ય વદન હો;
ભુવનભુવનમાં જ્યોતિ રેલાશે, ગાશે કવિઓ કવન હો !
વીરા, માતનાં આંખરતન હો ! ૫

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# અસ્ત

( રાગ કાફી )

ધડધડ આંસુના ધોધે, રે બાપુ, રડજો જીવનભર હાવે!
રડજો જીવનભર હાવે, રે બાપુ, ગઈ તક પાછી શું આવે?–

દિવસ ગયા તમ ગર્વતણા ને સ્વપ્ન થયાં સહુ પૂરાં;
કીર્ત્તિનાં કોટડાં ભાંય પડ્યાં સહુ, તૂટ્યાં બિરદ તમ શૂરાં;
રે બાપુ, રડજો જીવનભર હાવે! ૧

ફોકટનાં વીરે રક્ત વહાવ્યાં, ફોકટના ભોગ દીધા;
આખર તો કણ્પેર દળાયા ને ઝેરના પ્યાલા પીધા:
રે બાપુ, રડજો જીવનભર હાવે! ૨

જાત મિરાત ખેરાત કરી લીધી આ ફરજીયાત ફકીરી;
હાથે દંડુકા ને ભાળે ભભૂતી: સાધી સાધુતા શરીરી!
રે બાપુ, રડજો જીવનભર હાવે! ૩

વીર્ય ને શ્રેયનાં પૃષ્ઠ બીડાયાં, બીડાઈ ભાગ્યની પોથી:
કેમ થશે ઉચ્ચરતી તમારી કર્મકથા કવિ કોથી?
રે બાપુ, રડજો જીવનભર હાવે! ૪

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

બંધુતા ગઈ તહિં અંધતા આવી, જીંદગીભર અંધારૂં :
**નાથ** ઉઘાડો રે આંખ તમારી, નહિ તો ક્યાં સુખનું સ્હવારૂં !
રે બાપુ, રડજો જીવનભર હાવે ! ૫

કીર્ત્તિમરણનાં આવાં ગીતો તમ રોજ સુણી શું સ્હેવું ?
મરદ બની તમે ગાજશો ત્યારે કોઈ કહે નહિ એવું,
"રે બાપુ, રડજો જીવનભર હાવે !" ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

ક-,૧૯૮૬,૧૪ ધ૩૬



પિ- ,૧ નુ૮૧,૧૪ ને૧૯
2319

# રત્નહરણ

( લાવણી )

કોણ દુષ્ટ આવ્યો અહિં, વીરા! કાળજ દીધું કોરી?
કોણ અમારૂં અણમોલું તે રત્ન ગયો છે ચોરી?
ગોરી સ્વતંત્રતા હો!— (ધ્રુવ)

હસતું ઘર અમ રડતું કીધું, શૂન્ય બધું અહિં લાગે;
કોણ ફરી વસતું તે કરશે તે જ પનોતા પાગે?
ગોરી સ્વતંત્રતા હો!—કોણ૦ ૧

મંત્ર તંત્ર કંઇ કામ ન આવ્યાં, શસ્ત્ર પડ્યાં જ નકામાં;
છળબળથી હા કો પલકારે ગયો હરી એ શ્યામા:
ગોરી સ્વતંત્રતા હો!—કોણ૦ ૨

વનવન ઢૂંઢ્યાં પણ ન મળે કહિં, પડ્યાં વદન સહુ હેઠાં:
મધુર સખી! રે આપણ વચ્ચે આ શાં જબરાં છેટાં?
ગોરી સ્વતંત્રતા હો!—કોણ૦ ૩

કાળો કર દુર્ભાગ્યતણો ક્યાં છેક હજી છૂપાવે?
કિયા શોકવનમાં પૂરીને રાક્ષસ બિચ ઝૂરાવે?
ગોરી સ્વતંત્રતા હો!—કોણ૦ ૪

૨૩૧૯
Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



નરવાનરનાં જૂથ મળે ક્યાં, ક્યાં હનુમાન અમારો ?
અંગદ સેવક કોણ બનીને દે સન્દેશો પ્યારો ?
ગોરી સ્વતંત્રતા હો !—કોણ૦ ૫

કોણ પાજ બાંધી સાગર પર, નહિ કીધું તે કરશે ?
રત્ન અમારૂં મળશે પાછું, તો જ હૃદય આમ ઠરશે !
ગોરી સ્વતંત્રતા હો !—કોણ૦ ૬

જ્યાં એ છે ત્યાં જનનું જીવન, નહિ ત્યાં મૃત્યુ જ સારૂં :
એ વિણ રામ અદલ ક્યાં રહેશે ? આંખ વિના અન્ધારૂં !
ગોરી સ્વતંત્રતા હો !—કોણ૦ ૭

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



# પ્રયત્ન

( રાગ કાફી )

હાથ જોડી ના બેસો, રે ભાઈ, હાથ જોડી ના બેસો !—

કરવું હરિને હાથ ખરૂં, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો જગતની ઠેશો :
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૧

મેઘ વરસશે મૂશળધારે, તે શું જોઈ જ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૨

ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો ;
હરિ હરિ કરતાં આ હીનદશા ઠરી, એમાં શો અંદેશો ?
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૩

સૂતેલા પણ સિંહતણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી તે ઠાર કરે તો જ ઠારી શકે ભૂખકલેશો :
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૪

આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઈ નવ કહેશો !
સાધનથી પણ સાધ્ય છે મ્હોટું : પાધરે યત્ન પ્રવેશો !
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૫

યત્ને ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી સડી વ્હેશો !
વીર ! ઊઠો, પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો !
રે ભાઈ, હાથ જોડી ના બેસો ! ૬

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

## ઉદયના મંત્ર

( રાગ ગારો )

ઓ દેશીઓ! આવો રે, કંઇ કરિયે ઉદયના ઉપાય :
કરિયે ઉદયના ઉપાય,
હો, ધરિયે વિજયની ધજાય.—
આવો રે, કંઇ કરિયે ઉદયના ઉપાય.
ઓ દેશીઓ !

પરવશ છે પ્રાણ આ,
સર્વ સ્મશાન આ ;
કરવી ત્યાં ચેતનભર લ્હાય ;
આવો રે, કંઇ કરિયે ઉદયના ઉપાય.
ઓ દેશીઓ ! ૧

અવનિ ને આભનાં
તીર્થો જે લાભનાં,
પ્રાણે પ્રાણે જ સેવાય :
આવો રે, કંઇ કરિયે ઉદયના ઉપાય.
ઓ દેશીઓ ! ૨

સેવા ને સિદ્ધિના,
પ્રીતિની ઋદ્ધિના,
પળપળ તે મંત્રો પઢાય :
આવો રે, કંઇ કરિયે ઉદયના ઉપાય.
ઓ દેશીઓ ! ૩

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ગુંજન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ભારતની પૂજા

( અભય છંદ* )

૧

કોણે ના તુજને ચાહી,
ભારત, એ ભારત ?
કોણ રહ્યું ચાહ્યા વિણ આંહિં,
ભારત, મુજ માત ?
રત્ન ઉદર પાક્યાં કંઈ ક્રોડ,
જગમાં ન મળે જેની જોડ,
પ્રાણતણા પૂર્યાં સહુ કોડ
જેણ દિનરાત :
તે તુજ જેવી મળશે ક્યાંહિં,
ભારત, મુજ માત ?

૨

વ્હાલી દેવોની ભૂમિ,
ભારત, એ ભારત,
નન્દનવનશી દિવ્ય ઝઝૂમી,
ભારત, મુજ માત !

* આ છંદ નવો રચ્યો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

માનવબાલ્યતણા હિંડોળ
ઝૂલાવ્યા જેણે રસઝોળ;
જેની છાય વિશે ભૂગોળ
સમજ્યો જગતાત:
તે તુજ પાય સદા રહું ચૂમી,
**ભા**રત, મુજ માત!

૩

કો કહે તું સ્વપ્ને ડૂબી,
**ભા**રત, ઓ **ભા**રત,
સ્થૂળ પ્રવૃત્તિ તજ્યે સ્થિર ઊભી,
**ભા**રત, મુજ માત!—
પણ તું પ્રથમ જ પામી પાર,
આત્મપ્રકાશ જ જગનો સાર:
કરવા દુનિયાનો ઉદ્ધાર
પીડી નિજ જાત;
તે નગુણી જગ રહે શું ડૂબી
**ભા**રત, મુજ માત?

૪

આસ્થા છે તુજમાં ઊંડી,
**ભા**રત, ઓ **ભા**રત:

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

તુજ પ્રીતિ જ અમ જીવનમૂડી,
    **ભા**રત, મુજ માત !
તું મારે, જીવાડે તું જ,
સુખદુઃખકેરી તું ગુલકુંજ :
ઝગવો મરતાં અમ શબપુંજ
    ત્હારી મ્હોલાત ;—
એ ઢગ પર તુજ ધ્વજ રહો ઊડી,
    **ભા**રત, મુજ માત !

૫

કીધું મેં **શું** તુજ કાજે,
    **ભા**રત, ઓ **ભા**રત ?
શું છે જે ન કરૂં હું આજે,
    **ભા**રત, મુજ માત ?
સો સ્હામે ભીડે જઈ એક,
જે અહિં રાખે ત્હારો ટેક :
જુગજુગમાં લઉં જન્મ અનેક
    કરવા તુજ ખ્યાત ;
જ્યાં તું ત્યાં **પ્ર**ભુ સત્ય વિરાજે,
    **ભા**રત, મુજ માત !

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૬

સેવા કરિયે તો ત્હારી,—
**ભા**રત, ઓ **ભા**રત,
તું જેણે સેવી જગ સારી,
**ભા**રત, મુજ માત !
જીવન ટૂંકું, કાળ અનંત ;
ધર્મતણો દુર્ઘટ છે પંથ :
તો તુજ સેવામાં અમ અંત
આવો રળિયાત !
શ્વાસ જજો જય તુજ ઉચ્ચારી,
—ઓ **પ્ર**ભુની, દેવોની પ્યારી !—
**ભા**રત, મુજ માત !

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ભારતમાતાને ભૂલતો માં !

( રાગ કાફી )

સુખદુ:ખમાં, ઉજડ–ગરદીમાં,
વીરા ! ત્હારી **માત**ને ભૂલતો કદી માં !—(ધ્રુવ)

કીર્ત્તિને કાજે જગત બધું ધાજે, ગાજી જવાંમરદીમાં ;
પણ સ્મરજે તુજ **માત** અમર એ જયજય ધન્ય ઘડીમાં !
વીરા ! ત્હારી **માત**ને ભૂલતો કદી માં ! ૧

સ્નેહીઓ સંગે, વિવિધ પ્રીતરંગે, ખેલજે રસભરતીમાં ;
એ રસને પૂર પણ ઉર ધરજે માતૃતરસ ધરતીમાં !
વીરા ! ત્હારી **માત**ને ભૂલતો કદી માં ! ૨

સાંઝ સ્હવારે કે અકળ અંધારે, કે ગરમી શરદીમાં :
જ્યાં હો, વીરા ! ત્યાં હો મોંઘી એ માયા તુજ ચઢતીપડતીમાં !
વીરા ! ત્હારી **માત**ને ભૂલતો કદી માં ! ૩

ગુલગુલ બિછાવે, વસંત વધાવે, એ તુજ મોજ બધીમાં,
**માત**ને ઉર તુજ આશ રહે જ્યમ વૈદ્યશકી દરદીમાં !
વીરા ! ત્હારી **માત**ને ભૂલતો કદી માં ! ૪

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

છો અરિ તુજપર દુઃખ વરસાવે, ફાવે કદાપિ બદીમાં;
**મા**તૃસ્મરણ તુજ દુઃખહરણ હો !—વ્હેશે સૌ કાળનદીમાં !
વીરા ! ત્હારી **મા**તને ભૂલતો કદી માં ! ૫

એક જ આત્મનું આંસુ વહવજે, એક જ શબ્દ વદી "**મા** !"
**મા**તૃસેવાની એ ધન્ય **અદ્દલ** પળ મળશે ન એક સદીમાં !
વીરા ! ત્હારી **મા**તને ભૂલતો કદી માં ! ૬

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# અનન્ય ભારત

( લાવણી )

માત હો ! મ્હારું તનમનથી :
માત હો ! મ્હારું તનમનથી :
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !—
માત હો ! ( ધ્રુવ )

જ્યાં પ્રભુમુખના રસબોલ પ્રથમ બોલાયા,
જ્યાં અગમનિગમના ભેદ પ્રથમ ખોલાયા,
જ્યાં ધર્મકર્મના યોગ ખરા તોલાયા :
જે વસાઈ સુરજનથી રે—
ભલી જે વસાઈ સુરજનથી :
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૧

જ્યાં જુગજુગના ઇતિહાસ ભણે સત છે જે,
જ્યાં સ્વર્ગ નરકના મર્મ પમાતા સ્હેજે,
જ્યાં અક્ષયપાત્ર અનેક ભરેલાં તેજે :
જે સવાઈ નન્દનથી રે—
ગણી જે સવાઈ નન્દનથી :
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૨



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



જ્યાં ઋષિઋષિનાં નક્ષત્ર અચળ ઝળહળતાં,
જ્યાં નવજીવનનાં [illegible] યુગેયુગ મળતાં,
જ્યાં વહ્યાં ભક્તિરસનીર ગંગશું ભળતાં :
જે સજાઈ ઉરધનથી રે—
ભવ્ય જે સજાઈ ઉરધનથી :
નથી નથી તુજ જેવી, **ભા**રત ! જગમાં અન્ય નથી !
**મા**ત હો ! ૩

જ્યાં **સ**રસ્વતીના વાસ પુણ્યભર શોભે,
જ્યાં કવિતાદેવી સૂર ભરે નભમોભે,
જ્યાં **લ**ક્ષ્મીના ભંડાર **જ**ગતમન લોભે :
જે ગવાઈ વન્દનથી રે—
જગે જે ગવાઈ વન્દનથી :
નથી નથી તુજ જેવી, **ભા**રત ! જગમાં અન્ય નથી !
**મા**ત હો ! ૪

જુગજુગમાં **જ**યટંકાર, **મા**ત ! તેં કીધા,
તુજ આત્મપ્રકાશ અનેક પ્રજાએ પીધા,
તુજ આશ્રમના આધાર અનાથે લીધા,
તું તવાઈ નિજ તનથી રે—
સદા તું તવાઈ નિજ તનથી :
નથી નથી તુજ જેવી, **ભા**રત ! જગમાં અન્ય નથી !
**મા**ત હો ! ૫

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

શું ત્રીશ ક્રોડ અમ જીભ ગાય ગુણ ત્હારા !
ઉર ઉરમાં વાણી ઘંટ કરે રણકારા,
અમ સદન સદન પડછંદ ભરે કંઈ ન્યારા !
દે વધાઈ દર્શનથી રે—
માત ! દે વધાઈ દર્શનથી !
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૬

અમ આત્મ આત્મ સન્દેશ લઈ તુજ ફરશું,
તુજ નવચેતનના ભેખ ધરી ઉર ભરશું,
મુખ ધરી પુણ્યભર નામ જીવશું મરશું :
તું જડાઈ જીવનથી રે—
માત ! તું જડાઈ જીવનથી !
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૭

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ભારતમૈયાની હોરી

( હોરી–કાફી )

**ભારતમૈયા મોંઘી એ મોરી :**
જગવો ભૈયા ! એની આ હોરી !—

આજ **વસંત** અનંત હસંતી, પંથ દિગંત બતાવે :
એ રે ખુમારી રીસાળ કુમારીની આંહિં ઉતારી કો લાવે,
વસાવે હૃદય એ ચકોરી ?—
ભારતમૈયા મોંઘી એ મોરી. ૧

કંઇ કંઇ વરસથી દરસ ન દીધાં, તરસ તલપ ઉર વાધી ;
હર્ષ નહીં ઉત્કર્ષ નહીં કહિં, આજ સરસ તક સાધી
રસિક લાવિયે ઘેર દોરી !—
ભારતમૈયા મોંઘી એ મોરી. ૨

ગાલે ગુલાલ કપાલે છે કુંકુમ, ચાલે ચટક મન લૂંટે ;
માની ગુમાની વિનવતે ન માની તે મોહવી શૌર્ય અખૂટે :
જીતો મરદાનીથી ગોરી !—
ભારતમૈયા મોંઘી એ મોરી. ૩

ખોલોની ભૈયા ! કોણ ઝડપશે બીડું આ ભારતમૈયાનું ?
રંગી ઉમંગી બની રસજંગી, કો ફેરવશે પડયું પાનું,
કચેરી કાળની સરજોરી ?—
ભારતમૈયા મોંઘી એ મોરી. ૪

ભારતી ભૈયા ! સ્વદેશપપૈયા ! મૈયા બને આ અધીરી :
લાવો ઢૂંઢી વનવન નવજીવન, તનતન ભરી જહાંગીરી !
દિયો ઉર હોળી સંકોરી !—
ભારતમૈયા મોંઘી એ મોરી. ૫

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



# પ્રકાશનાં પગલાં

( પ્રભા છંદ )*

૧

પ્રભુની મોંઘી, ઓ માતા !
ઓ સુન્દરતાની કુંજ !
તુજ નિર્મળ તે સુખશાતા
વહશે ક્યારે નવગુંજ ?
તુજ દૈવી પુણ્યપુરાણ પ્રભાનો કરવો પુનરુદ્ધાર,—
ઓ ભારતમાત ! વિચાર !

૨

તુજ પ્રજા બધી આ ઊભી
વરવા નવરંગ પ્રભાત ;
સહુ મોહ ગયા તમ ડૂબી,
ને વીતી ગઈ છે રાત :
આવે પગલાં શુભ નવજીવનનાં, ઊઠ, જગતને કાજ—
ઓ ભારતમાતા ! ગાજ !

માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય. અમદાવાદ.

*આ છંદ નવો રચ્યો છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



૩

દોરવ અમને સદ્ધર્મે,
દોરવ અમને સત્પંથ;
નિર્ભયતા ભર અમ કર્મે
ને શૌર્ય અખંડ અનંત:
સાતે આકાશ પડે શિરપર પણ હઠિયે ના તલપૂર!—
ઓ ભારત! બન બહાદૂર!

૪

અરધી દુનિયા રહે તાકી
તુજને કરવા સ્વાધીન,
ખખડાવે શસ્ત્ર તુમાખી
સમજી અમને બળહીન:
પણ અર્ધ જગતશું બાથ ભરી તુજ કાજે મરશું વીર—
ઓ ભારત! ધરજે ધીર!

૫

જુગજુગની વીર્યસમૃદ્ધિ,
જુગજુગનું તેજસ સત્ત્વ;
તુજ ઊંડી આત્મન્‌સિદ્ધિ
જે પામી જગનું તત્ત્વ;
તે કરી સચેતન ફરી જગવશે જયધુન તુજ સંતાન,—
ઓ ભારત! થા બળવાન!

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૬

જગ ભલે અસત્યે જીતે,
જગ ભલે અધર્મે તણાય ;
તુજ અંતરતેજ સુરીતે
તું જાળવ એ તમમાંય ;
છે તોલાવું દેવાંગણમાં દાનવ–માનવને યુદ્ધ—
ઓ **ભા**રત ! રહેજે શુદ્ધ !

૭

તુજ ઉન્નત તીર્થદ્વારે
જગને કરવી મહેમાન ;
રેલવવાં નવ–અવતારે
જુગજૂનાં ઉરનાં ગાન :
સાગર સાગરની લહરીઓશું ઉર ઉર ઉછળે આશ,—
ઓ **ભા**રતમાત ! પ્રકાશ !

૮

ઓ **મા**ત ! અમે સહુ ત્હારા,
તુજ કીર્ત્તિ અમારૂં સર્વ ;
રજની ભરતા જ્યમ તારા
રાખે રજનીનો ગર્વ :
દે હાંક ! અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર !—
ઓ **ભા**રતમાત ! પુકાર !

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ભારતનો વિજયધ્વજ

( દિવ્ય )

પ્રભુના મોંઘા સન્દેશા,
　　જુગજુગના ઉરવિસ્તાર ;
વર આત્મપ્રકાશન કરતા
　　કંઇ દિવ્ય વિજયટંકાર ;
સો સો સ્વર્ગોના જ્યોતિ,
　　કોટિક દેવોનો પ્રેમ :
એ રંગરસ્યો ફરફરતો
　　અમ **ભા**રતધ્વજ છે એમ. ૧

હા, નથી વૃથા ફરફરવું
　　કો સ્વપ્નતણું આ ઠામ,
ઉર લખ્યું પ્રકાશે ઊંડું
　　અમ **ભા**રતધ્વજનું નામ ;
હા, નથી વૃથા આ ખુલવું
　　અમ આશપ્રભાત સુરેખ :
અણઝાંખા, અણધોવાયા
　　છે હજી અમર એ લેખ ! ૨

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



કંઇ કંઇ અંગુલિએ શીવ્યા
સાંધેસાંધા શ્રમભેર ;
કંઇ કંઇ વીરોએ રંગ્યો
જીવનરુધિરે સો ફેર ;
કંઇ કંઇ ઋષિએ દૃઢ રોપી
કાઠી જેની સદ્ધર્મ :
અફળિત તે **ભા**રતધ્વજના
છે ઊંડા ચેતનમર્મ. ૩

કોટિક જનની નસનસના
મહિં તંતુ ગુંથાયા ગાઢ,
કોટિક આત્માની વાંછા
મહિં પામી તેજઉઘાડ ;
કોટિક અંતરના પડઘા
પડતા દેતા સંકેત :
એ **ભા**રતધ્વજ ફરફરતો
અમ શ્વાસે હજી સચેત. ૪

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

એ દશ દશ પ્રભુ–અવતારે
રેલાયો ઠામેઠામ ;
રે ગડી ગડીએ એની
ઝળકે અમરોનાં નામ ;—
એ નામથકી પણ બીજાં
છે પ્રિયતર નામ અનેક,
જે સ્નેહતણું ઉર જોશે
કે પ્રભુનાં ચક્ષુ જ એક ! ૫

એ ધ્વજને વીર ! ઉડાવો !
એ કરશે જગદુદ્ધાર ;
એ બ્રહ્મભર્યાં સન્દેશા
પૂગાડો દ્વારેદ્વાર !
ઓ વીર ! ફરી ફરકાવો
એ જયપટ વ્યોમવિશાળ !
એ હતો, હજી છે, રહેશે,
ભારતનો ધ્વજ ચિરકાળ ! ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# સ્વાર્પણ

( ગઝલ )

જે તને ચાહે જિગરથી, તેય **શું** પાછળ પડે ?
**માત ભારત** કાજ આજે તે પ્રથમ આગળ પડે :
કળ પડે નહિ આત્મને, હા ! જુગ સમી પળપળ પડે !
જે તને ચાહે૦ (ધ્રુવ)

દોષથી પૂરી ભલે આ કાય લાગે અન્યને ;
**માત** ! તોપણ પુત્ર ત્હારો ચિંતવે ચૈતન્યને :
ધન્ય તે આકાશ જીતી **શું** ધરાપર આથડે ?
જે તને ચાહે૦ ૧

શત્રુ મ્હારા છો મને પૂઠે રહી ધિક્કારતા,
નામ મુજ કંઇ કંઇ કલંકો દઇ હસે સંહારતા :
હારતા તે સહુ જતાં ધોવાઇને તુજ આંસુડે.
જે તને ચાહે૦ ૨

તુજથકી જીવન ટકાવી જે રહ્યો તન અર્પવા,
સ્વર્ગશું તુજ કીર્ત્તિ ઝળતી જોઇને ઉર દર્પવા,
તર્પવા તુજને જ, **માતા** ! તે ઊભો આ પગ ખડે.
જે તને ચાહે૦ ૩

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

સ્વપ્ન જેનાં છે ગુંથાયાં જન્મથી તુજ તારથી,
આખરે પણ જીભ જે તુજ નામ જલ્પે પ્યારથી;
જ્યારથી જાણું તને, હા! ત્યારથી જીવન જડે.
જે તને ચાહે૦ ૪

માત! ત્હારી ખાકનું આ પૂતળું મુજ ઝૂઝશે:
માત! ત્હારી ખાકમાં સર્વસ્વ મ્હારૂં સૂઝશે:
પૂજશે જે બ્રહ્મને, બ્રહ્માંડ તેને કર ચ્હડે.
જે તને ચાહે૦ ૫

ધન્ય પ્રેમી પુત્ર જોશે તુજ રુડો દિન રાજતો;
ધન્ય સુણવા જીવશે તુજ કીર્ત્તિડંકો ગાજતો:
આજ તો તુજ કાજ આ મરવું મને પ્રિય સાંપડે!
જે તને ચાહે૦ ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# ગર્જન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

૨૩૯૮

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

( ૫૧ )

# ભારતમાતા અને તેના કવિઓ

( લાવણી )

કોણ કટાક્ષવચન કવિને અહિં આજ કહે છે એવાં ?
**ભા**રતના કવિ મુઆ નથી, હા ! આંખ ઝરે છે નેવાં;
ભડકા ભડભડે હો !—( ધ્રુવ )

તનતમ્બૂરતણા તારો તો રહે સદા ઝઝણાતા;
પણ અંગુલિએ બાંધ્યા પાટા, હાથ રહ્યા પછડાતા :
ભડકા ભડભડે હો ! ૧

હોત ન વાણી કંઠ રુંધાતી, સુખતર હોત ઘડી, તો
ગગનપાર કેદી જ ગજવતાં ગાત **મા**તનાં ગીતો !
ભડકા ભડભડે **હો** ! ૨

જુઆળ જેવી દિનદિન ભરભર આવે ભરતી ઉરમાં;
પર્વત જેવા તરંગ ઉછળી ત્યાં જ શમે અંકુરમાં :
ભડકા ભડભડે હો ! ૩

હા ! અમ **ભા**રતમાત ! હજી શું ડરે જુગોજુગ પડવું ?
તુજ તે હીનદશા સ્મરતાં શું ગુપ્તપણે રહ્યું રડવું ?
ભડકા ભડભડે હો ? ૪

તુજને ચ્હાતાં ફિતુર ગણાવું, તુજને સ્હાતાં પાપી ?
કાપી જીભ ગળે ખુંચવવી : દુર્ગત જતી ન માપી :
ભડકા ભડભડે હો ? ૫

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

હાય, હતું ભારતના કવિનું જીવન એવું ખારૂં?
માતૃગાન સાટે મૃત્યુ જ કે જીવનભર અંધારૂં?
ભડકા ભડભડે હો! ૬

ભડકે બોલ્યા શબ્દ ઝઝળતા ખુંચતા કંઠે કારી;
રસ ના વીર વહાવી શકે એ રસના જળો અમારી!
ભડકા ભડભડે હો! ૭

બ્રીટનબન્ધુ બધાને, તો, આ તેડે રણ નિજ સંગે,
ભારત કાજે વીર નવલ રસ રેડે અંગે અંગે:
ભડકા ભડભડે હો! ૮

એ રસમાં બ્રીટનની સાથે ભેળાવું-રેલાવું:
ભારતજશ જગમાં ફેલાવી પરમવિજયપદ ગાવું:
ભડકા ભડભડે હો! ૯

ભારતમાત! હવે જો ઉર આ વીરરસે ઉભરાતું,
અમ રસનાના નવચમકારા જગત ભરી રેલાતું!
ભડકા ભડભડે હો! ૧૦

તૂટો કવિ–ઉર ધૂનભર્યાં કે આ તમ્બૂર જ ફૂટો!
તુંહિ–તુંહિ–તુંહિ–તુંહિ ભારતમાતા, એ જ એક સુર ઊઠો!
ભડકા ભડભડે હો! ૧૧

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



# ભારતી વીરનું કૂચગીત

( રણુજિત છંદ )*

આછાં અજવાળાં આવે, ધારો સહુ અંગઉમંગ;
કંઇ કુંકુમ પગલાં પડતાં પૂર્વે રંગાયા શુભ રંગ;
ઓ વીર! જુઓ આકાશે, ઉતરે પાછી અમ ગંગ:
હો! પ્રભુનાં વ્હાણાં વાય. ૧

મુજ આંખ ઠરી છે જોતી: એ આવે નવઅવતાર;
પગલે પગલે ચગદાતા દેખું આજ અધમ અન્ધાર;
ઓ વીર! જુઓ ચોપાસે, જાગે ચેતન સહુ ઠાર:
હો! પ્રભુનાં તેજ વહાય. ૨

મેં આજ સુણ્યા તે શબ્દો, તે વીરસ્વરોના ઘોષ,
તે શતગુણ મેઘતણા ગર્જનશું રેલ્યો ઊંડો રોષ:
ઓ વીર! બધે ભય ન્હાસે, ને ડૂબે મોહ સદોષ:
હો! પ્રભુનાં સત્ય સુણાય. ૩

---

* આ છંદની રચના નવીન રીતે કીધી છે. એનો પ્રવાહ કૂચની માફક રેલે છે અને હૃદયને ઉત્સાહથી રેલાવે છે. એની રચના આ પ્રમાણે છે: ૧ લી અને ૩ જી લીટીમાં દરેકમાં ૨૭ માત્રા છે અને ૧૪ મી માત્રાએ યતિ છે; ૩–૭–૧૧–૧૩–૧૭–૨૧–૨૫ એ માત્રાઓ પર તાલ છે, તથા લીટીના છેલ્લા બે અક્ષરો ગુરૂલઘુ જોઇએ. બીજી લીટીમાં ૨૯ માત્રા છે અને ૩–૭–૧૧–૧૫–૧૯–૨૩–૨૭ માત્રાએ તાલ છે. ચોથી લીટીમાં માત્ર ૧૩ માત્રા છે અને ૧–૩–૭–૧૧ માત્રાએ તાલ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

કો આવે છે જયઘોડે, છે વીર્યવિલાસી વેશ,
વિદ્યુતચમકાર સમી તરવારે હણતો અમ તમકલેશ;
ઓ વીર! ધસો, ઝટ ઝીલો એ ઉરચેતન આદેશ:
હો! પ્રભુના મંત્ર ગવાય. ૪

મેં કીર્ત્તિ જ ઝાંખી એની; એની જ સુણી મેં વાત;
જ્યાં ત્યાં મેં દીઠા હૃદયઉછળતા સ્નેહતણા ઉત્પાત;
ઓ વીર! ફરી શાં ઉઘડે ગીતાનાં મર્મપ્રભાત!
હો! પ્રભુના રથ રેલાય. ૫

મેં દીઠા એના ડેરા ઠોકાતા ઠામેઠામ;
મેં શંખ સુણ્યા ફૂંકાતા એના શ્હેરે ગામેગામ;
ઓ વીર! ધસો ધ્વનિ કરતા એ ધ્વજ પૂઠે અભિરામ!
હો! પ્રભુની સ્વારી જાય. ૬

એ જયજય ગીતે આજે ધ્રૂજે ધરણી આકાશ;
એ ધર્મતણા જ ધડાકે પામે મોહ પ્રમાદ વિનાશ;
ઓ વીર! રહો દૃઢ સત્યે: જ્યાં સ્નેહ વસે ત્યાં આશ:
હો! પ્રભુનાં રાજ્ય સ્થપાય! ૭

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

( ૫૫ )

# ભારતનું નગારું

( રાગ કાફી )

થાય પ્રભાત ભલેરૂં, ભૈયા ! કેસરિયાં કરજો જી !—

કેસરિયાં કરજો, રસ ભરજો, શસ્ત્ર ધરો કર શૂરાં ;
આજ રણે રમવું બહુ રંગે ને રુધિર ઉડાડવાં પૂરાં !
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૧

નભરણમાં રવિસિંહ ઉછળતો, કેસરિયાં કરી આવે ;
એ રસરંગ ધરી રણ રેલવું, તિમિરરિપુ નહિ ફાવે :
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૨

હાક પડે રણમાં ત્યાં ઉછળી, વીર પડે ઝંપલાવી ;
વેર વિખેર ઉખેડ કરી દે, ન્હેર રુધિરની ચલાવી :
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૩

ઊંચી ગર્દનથી મરદ મૂછાળા ભરશે ગગનમાં ઉછાળા ;
કાંચલીવાળા તો ઘેર ધલાય ને શૂર રણે રઢિયાળા :
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૪

કડકડ કરતાં આભ તૂટે પણ વીર ગણે ફૂલ વરસે ;
હાથ ખડી તરવાર ખખડતી તાતી તાતી બની તરસે !
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૫

એ જ પ્રભાત થયું આકાશે, એ જ પ્રભાત તમારૂં :
વીર અદલ ઝટ જાવ ઝૂકાવી, વાગે **ભારત**નું નગારૂં !
ભૈયા ! કેસરિયાં કરજો જી. ૬



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

( ૫૬ )

## શંખનાદ

( પદ—"રજપુત શૂરા રે, જુધમાં વીર નથી શું ?—એ ચાલ )

ભારતી ભૈયા રે! શંખ સુણ્યો ન હજી શું ?
બેસી રહીશું રે, કે ઝટ સાજ સજીશું ?—( ધ્રુવ )

ભારતમૈયા આજ બધાને સત્વર રણ બોલાવે ;
વીરજનોને ત્યાં શું ટકટક જોયાં કરવું ફાવે ?
ભારતી ભૈયા રે! ૧

શંખ સુણ્યા કે વીરજનોનાં ગજગજ ફૂલે હઇડાં ;
તન તણખે ત્યાં ભૂલે ગોરી ગોવાલણનાં મહિડાં !
ભારતી ભૈયા રે! ૨

હાક પડે ત્યાં રક્ત શૂરનાં આભ ઉછળતાં ધાશે ;
થશે મરસિયા કાયરના ને જુલમીઓ ડર ખાશે.
ભારતી ભૈયા રે! ૩

ભારતમૈયા પડી ધવાશે, અરે ધસો ઝટ સાહ્યે !
લાખ જખમ પણ પલક રુઝાશે એક શૂરની છાંયે !
ભારતી ભૈયા રે! ૪

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

એક હાથ રક્ષકવીરાનો સો ઘાતક શરમાવે :
ધર્મ સ્વદેશથકી લડતાં પણ મરવું મૃત્યુ દીપાવે !
ભારતી ભૈયા રે ! ૫

વીરા ! આવો, માત ઉગરતાં ઉગારવી સો પ્હેડી :
મરશું તોપણ ધન્ય બનીશું, મૃત્યુ વિશે કયાં બેડી ?
ભારતી ભૈયા રે ! ૬

ઓ આ શંખ પ્રબળ ફૂંકાયા ! ડંખ દિલેદિલ લાગે !
હરહર, વીર અદલ કાજે આ અમુલખ અવસર જાગે !
ભારતી ભૈયા રે ! ૭

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# હોળીના ભડકા

( રાગ કાફી )

ભડભડ હોળીના ભડકા, રે ભાઈ, ઊઠજો શૂર સિપાઈ!—

ભડભડ ભડકા ચોગમ ચમકે, ઝાળ ઘણેરી છવાઈ;
રાતી રાતી જીભ એ ભડકાની તણખે બધે આ તણાઈ:
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૧

ઠંડી કકડતીમાં સૂતા જે ઓઢી સો સો મણની તળાઈ,
હાલક હુલક તે મુલક સળગતો આજ રહ્યો અકળાઈ:
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૨

ઊંચા હિમાલય પર્વત પીગળે, ગંગા રહી છે રેલાઈ;
રાતી તાતી ઉગી આંખ ગગનની, દિશદિશ રહી રંગાઈ:
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૩

એ ભડકે ભડકે મન થડકે, તન ધડકે ધધણાઈ;
કાયરજન પણ લોચન ઝરતા કૂદી ઊઠે તલખાઈ!
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૪

મોહ, પ્રમાદ, પ્રકંપ, કુસંપ સૌ રહેશે હજી શું ફેલાઈ?
ફોડી ફટાક શ્રીફળશું એ ભડકે, વીર! રહો જશ ખાઈ!
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૫

એ જ મસ્તાનીમાં ગરદ થશે તે જ મરદ ધરે મરદાઈ!
રોળી ઢોળી સૌ હોમાવો એ હોળીમાં, **માત** રહે ગીત ગાઈ!
ભાઈ, ઊઠજો શૂર સિપાઈ! ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

( ૫૯ )

# વીરનું સ્વરૂપશોધન

( રાગ કાફી )

સહજ ગણી ન વિસારો, ભલા, એ તો આગતણો અંગારો !–

હોય ભલે ઝીણો વાટ પડયો પણ વધતાં વિરાટ થનારો ;
એ વિફર્યો ન ધરાય ધર્યો કદી, વન બધું બાળી જનારો !
ભલા, એ તો આગતણો અંગારો. ૧

ઝરણુ વહે ખખળી પુર પાસે, સહજ કદી નવ ધારો ;
રેલે રેલાઈ જશે પુર તાણી, તોડી વછોડી કિનારો :
ભલા, એ તો આગતણો અંગારો. ૨

ન્હાનો ન્હાનો પણ રાઇનો દાણો, છાનો રહે નહિ, યારો !
જીભે દિલે ભરી ઝાળ ઊઠાડે, ખાળ ઉખાડે હજારો !
ભલા, એ તો આગતણો અંગારો. ૩

વીરજનકુળના મૂળથકી છે, વીરા ! જન્મ તમારો ;
"શું કરિયે, કરિયે શું," કરો ના, ખભળી જરા ખંખારો !
ભલા, એ તો આગતણો અંગારો. ૪

છળબળથી કંઇ વિકળ અબળ થઈ, ગણવો શું દેહ ગોઝારો ?
કુંજરજૂથ નિહાળી બને શું કેસરીબાળ બિચારો ?
ભલા, એ તો આગતણો અંગારો. ૫

વીર ઊઠે ઝબુકી નિજ શત્રુને સમજી ઘાસનો ભારો !
મૂળ સ્વરૂપ પ્રકાશો, વીરા, ઝળઝળ ઝાળ ઝગારો !
ભલા, એ તો આગતણો અંગારો ! ૬

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# શૂરવીરનાં રણસૂત્ર

( લાવણી )

શૂરાનું છે કામ, આજ તો શૂરાનું છે કામ ;
શૂરવીર તે ઝટ ઝૂકાવે :
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૧

કાલ નથી કંઇ કાલ, ભાઈ ઓ ! ચાલ આજ તું, હાલ !
શૂરવીર ના પળ ચૂકાવે :
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૨

ફાટે જ્યાં આકાશ, ધ્રૂજતી ધરણી પામે ત્રાસ ;
શૂરવીર ત્યાં રણ હોમાવે :
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૩

એક શૂરનું તાન સમજવું મારૂં-મરૂં નિદાન ;
શૂરવીર તે ડગ ન ડગાવે :
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૪

રહે પૂઠ અંધાર, સન્મુખે ઝગે તેજ-અંબાર ;
શૂરવીર તે તેજ જમાવે :
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૫

ઝાંખા નભચમકાર, ઉડે જ્યાં શૂરાની તરવાર ;
શૂરવીર રણ રંગ રખાવે ;
ઓ વીરા ! રે ચાલો ધસિયે ! ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



લાખ જનોની ખાખ પૂરતી એક શૂરની સાખ :
શૂરવીર રવિશું રણ છાવે :
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૭

એક શૂરનો મર્મ, અરે છે એક શૂરનો ધર્મ :
શૂરવીર તે આત્મ ઝગાવે :
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૮

નહીં દેહના મોહ, શૂરને નહીં નેહના રોહ ;
શૂરવીર નિજ ઉર અંકાવે :
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૯

પળનો એક પ્રમાદ ચૂકવે ભવનો ભવ્ય પ્રસાદ ;
શૂરવીર તે પળ સપડાવે :
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૧૦

સમો મળે નહિ ફેર, બન્ધુ ! આ ગંગા આવી ઘેર !
શૂરવીર જયરંગ વહાવે :
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૧૧

ઓ **ભા**રતના પુત્ર ! તમોને શાં કહેવાં રણસૂત્ર ?—
શૂરવીર છો, ગરજો હાવે !
                    ઓ વીરા ! રે ચાલો ધસિયે !  ૧૨

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021

( ૬૨ )

# રણે વિદાય

( રાગ કાફી )

હણહણતો હય બારણે, વીરા ! પેંગડે પાય ધરો જી !
પેંગડે પાય ધરો જી, વીરા ! મુહૂર્ત્ત સમો આ ખરો જી !–

આંખમાં અંજન, રણરસરંજન, ગુંજન યુદ્ધગીતોનાં ;
વાંકી વાંકી પ્હેરી પાઘ પીળી આ, વિંધશો નેણ જ કોનાં ?
વીરા ! પેંગડે પાય ધરો જી. ૧

તાણી તાણી આ મૂછ છે મરડી, કરડી રહ્યા હોઠ રાતા ;
વારે વારે મુખ મારે ખુંખારા, ને તડપી રહ્યા પગ તાતા !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૨

દડબડ દડબડ દમભર દોડી, ખુબ ખુંદો રણ ખાંતે ;
ચહુદિશ અસિ ચમકાવી બતાવો શૂરપણું ક્ષણમાં તે !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૩

વીરપીતાના વીરછૈયા તે ચૂકશે કયમ આ દહાડો ?
વીરરસે રણકુંજ ઘુમીને શીરનાં ફૂલ ઉડાડો ?
વીરા ! પેંગડે પાય ધરો જી. ૪

ભારતમાત ઊભી ઉમરામાં આશિષ દે શુભ આજે :
હણહણતો હય વીર ! ચઢો આ, જયજય દુંદુભિ વાજે !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૫

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

( ૬૩ )

## રણરસના રાસ

( લાવણી )

રેલમૂરેલ બધે આ રેલી, તાણાતાણુ જ થાય,
બંધુઓ ! તાણાતાણુ જ થાય :
એ રેલે જઈ ઝૂકાવિયે હો વીર આપણી કાય !
સુણો હો ! જયજય જયજય થાય !—( ધ્રુવ )

આભ જુઓ ફાટી ઉપર આ વરસે મૂશળધાર,
બંધુઓ ! વરસે મૂશળધાર ;
એ ધારે ભીંજાતાં આજે ઉર આનન્દ અપાર !
જુઓ હો ! રસરસ અંતર બ્હાર ! ૧

એક બની રેલે છે સાથે પૃથ્વી ને આકાશ,
બંધુઓ ! પૃથ્વી ને આકાશ ;
રસસૂકું ત્યાં કોઈ રહે નહિ, ફળે બધાંની આશ !
ભલા હો ! બુઝાય સહુની પ્યાસ ! ૨

વનવન તૃપ્ત થયાં છે આજે, જનમન પણ હો તેમ,
બંધુઓ ! જનમન પણ હો તેમ !
સમરસમાં સૌ છાઈ રહ્યું ત્યાં આપણ જૂદા કેમ ?
કહો હો ! દ્વેષ વડો કે પ્રેમ ? ૩

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



પ્હાડ સમા પણ દ્રવી રહ્યા એ પુણ્યતણે રસમેહ,
બંધુઓ ! પુણ્યતણે રસમેહ ;
જડહૈયાના બની આપણે, ક્યમ ભૂલીશું નેહ !
નહીં, હો ! લાખગણી છે લેહ ! ૪

કોટિ કોટિ ઝરણાં કંઇ કૂદે, કોટિ કોટિ છે ધોધ,
બંધુઓ ! કોટિ કોટિ છે ધોધ ;
કોટિ કોટિ ત્યમ વીર નસેથી ધસે રુધિર અવિરોધ :
વીર હો ! એ જ ખરો રસબોધ ! ૫

એક જુઓ આકાશ આપણું, ભૂમિ આપણી એક,
બંધુઓ ! ભૂમિ આપણી એક :
ત્યાં જૂદાઈ ધરી શું બનશું હીન અરે એકેક ?
ભલા હો ! એક વિશે રૂહે ટેક ! ૬

કોણ **પારસી**, **હિન્દુ**, **મુસલમિન**, કોણ **જૈન**, **શિખ** નામ ?
બંધુઓ ! કોણ **જૈન**, **શિખ** નામ ?
કોણ **ખ્રિસ્તિ** કે **બૌધ** ? આપણે **ભા**રતપુત્ર તમામ !
અહોહો ! એક **મા**ત–આરામ ! ૭

**ભા**રતના બેટા આપણ સહુ, આવો, ધસિયે સાથ !
બંધુઓ ! આવો, ધસિયે સાથ !
ધરા ડોલશે જ્યાર ઉછળશે સાઠ ક્રોડ અમ હાથ !
ત્યાર હો ! **મા**ત રહે ન અનાથ ! ૮

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

તર ભીબાહર એક જ લહરી, એક જ રસની રેલ,
બંધુઓ ! એક જ રસની રેલ ;
આ ભરતી આવી તેમાં તો વીરજનોના ખેલ !
વીર હો ! ચૂકશો ના આ વેળ ! ૯

સાતે સાગર દિસે ઉછળતા, પડું પડું કહે વ્યોમ,
બંધુઓ ! પડું પડું કહે વ્યોમ ;
વીર રસે ધરણી ધસમસતી દ્રવતી રોમેરોમ :
શૂર હો ! પડો પડો યાહોમ ! ૧૦

રેલમૂરેલ બધે આ રેલી : ઝટ ઝૂકાવો કાય !
બંધુઓ ! ઝટ ઝૂકાવો કાય !
વીરપુત્રના રણરસ રાસા **ભા**રતમાતા ગાય !
જગે હો ! જયજય જયજય થાય ! ૧૧

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# નવજીવનનાં આવાહન

( લાવણી )*

રણશિંગાં ફૂંકાય, બધે હો ! હરહર હરહર થાય !
ભર આકાશે શબ્દ પડે ને ધધણી ઊઠે કાય :
ઘુમી રહ્યા એ શબ્દ ગગનમાં,
અગન અગન ઊઠે તનતનમાં ;
કોણ જ સૂશે એ ગર્જનમાં ?
ઓ વીરા ! રે આવી જાઓ !—( ધ્રુવ ).

રંગ રંગ છે રંગ, મચે હો ! જીવનજયનું જંગ :
થયાં પ્રભાત પનોતાં, વીરા ! અંગેઅંગ ઉમંગ :
એ રંગે રોળાવા રસમાં,
અંતરની કો તીવ્ર તરસમાં
ફૂદે રક્ત ન કોનું નસમાં ?—
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૧

હાલક હૂલક હાક પડે હો ! ચ્હડે પલક મન ચાક !
દિશદિશ ડોલી રૂહે ડગમગતી, વધે અજબ ઉછાક :

* આ લાવણીની રચના નવીન રીતે કીધી છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

દિશદિશ આ ઉંચકાય નજરમાં,
શત્રુતિમિર સપડાય સમરમાં;
હીર અંકાવા આજ અમરમાં,
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૨

શૂર! સ્વર્ગની વાટ પડી હો! એ જ સમરને પાટ;
શૂરાકેરૂં સ્નાન રહ્યું હો! એ જ રુધિરને ઘાટ!
કાયરતાનાં વસ્ત્ર ઉતરશે,
ડૂબ્યું ડૂબ્યું કહેતાં તરશે,
તરતાં હૃદય મઝો શી ભરશે!—
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૩

'ચાર ઘડીનો શ્વાસ કરે હો! લાખ વરસની આશ';
પણ પળભર જીવન શૂરાનું પાડે લાખ પ્રકાશ!
જીવનસિદ્ધિ જ છે એ પળમાં,
આત્મ ખરો પરખાય પ્રબળમાં:
એ પળ ધન્ય મળી આ સ્થળમાં:
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૪

કૈક વરસના કોડ રહ્યા હો! અંતર ત્રીશ કરોડ!
તીર્થ તીર્થને પ્રાણે પ્રગટે પ્રેમશૌર્યની જોડ!

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

નવયૌવનના રાસ રચાયા,
નવચેતનના વાયુ ફૂંકાયા :
હવે પ્રકાશો ભારતજાયા !
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૫

ઠાર ઠાર રણકાર, કરો હો ! ઉદય વિજયટંકાર !
કેસરિયા તે જોય ન પૂઠે, શૂરં ન સમજે હાર ;
આવો, ધડથી શીશ ઉતારી,
રણગર્જનની ઓર ખુમારી !
વાટ જુએ છે કીર્ત્તિ તમારી !—
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૬

રણશિંગાં ફૂંકાય : નહીં હો ! શૂરથકી રહેવાય :
સ્વર્ગ જ ઉઘડ્યાં શૂરા કાજે : ધસો, ધસો રણમાંય !
જીત કર્યે નવજીવન જડશે,
ભારતનાં સદ્‌ભાગ્ય ઉઘડશે,
કે રણ પડતાં પ્રભુ સાંપડશે !—
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૭

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



# શૌર્યનાં સ્મરણ

( લાવણી )*

સિંહતણાં સંતાન, તમે હો ! સિંહતણાં સંતાન !
દૂધ તમે જે ધાવ્યા તે તો હતું અમીરસપાન :
અરે હો ! હતું શૌર્યરસપાન,
ખરે હો ! કરે મગજ મસ્તાન ;
ભલા હો ! ગાજો સિંહ સમાન !
કરો વીર ! જયો જયોજી !—( ધ્રુવ )

આર્યભૂમિના વીર ! તમે હો ! આર્યભૂમિના વીર !
નથી કાયરા કાયલજાવતા, હતા બધા રણધીર :
અરે હો ! હતા સુભટ રણધીર ;
નસે હો ! નથી નમાલું નીર,
હવે હો ! મૂકો કોરે શીર !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૧

ગડગડ ગાજે મેહ, ઉપર હો ! ગડગડ ગાજે મેહ ;
હૃદય કેસરીનું ચીરાતાં ઉછળી પાડે દેહ,—
અરે હો ! આભ ઉછાળે દેહ ;
કરે હો ! કોણ જ બીજું એહ ?
ભલા હો ! એ જ ટેકની લેહ !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૨

---

* આ લાવણીની રચના નવીન રીતે કીધી છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

નયન નયનમાં ઝાળ ભરે હો ! વીર બની વિકરાળ :
સિંહમૂછ પકડી શું જાશે ! એ નવ હોય શિયાળ !
અરે હો ! સિંહ ન હોય શિયાળ,
હરે હો ! પ્રાણ બની રિપુકાળ :
ભલા હો ! ભરો ગરજતા ફાળ !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૩

પડે કારમી ચીસ, ઢળે હો ! ત્યાં કાયર દશવીશ;
વીર પડે તૂટી જ્યાં ત્યાં તો રહે કિયે ધડ શીશ ?
અરે હો ! ઉડે હજારો શીશ,
ઠરે હો ! રણ ના કો હરગીસ,
ભલા હો ! સાહ્ય કરે જગદીશ !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૪

છો ઘેટાં દશ લાખ, ભલે હો ! જો ઘેટાં દશ લાખ !
વાઘ એક વકર્યો પડશે ત્યાં કોણ બચી દે શાખ ?—
અરે હો ! બચે ન દેવા શાખ,
મરે હો ! રોળાતાં થઈ ખાખ :
ધરો હો ! વીરતણો અભિલાખ !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૫

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

હું જ કેસરી એક, વને હો ! હું જ કેસરી એક :
એ અભિમાન અનેરૂં, વીરા ! સંકટ હણે અનેક,—
અરે હો ! અરિને હણે અનેક,
મરે હો ! કે મારે એકેક !
ભલા હો ! રાખો ભારતટેક !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૬

કરો જાન કુરબાન, બંધુ હો ! કરો જાન કુરબાન !
સ્વદેશનું કલ્યાણ પ્રથમ કે મૃત કાયાનું ભાન ?
અરે હો ! ના કાયાનું ભાન,
ધરે હો ! જે ઉરમાં અભિમાન,
ભલા હો ! એ જ શૂરનું તાન !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૭

જય શૂરા સામંત, ધસો હો ! જય શૂરા સામંત !
હિંમતે મરદાં મદદ ખુદા દે : ચિંતા ન ધરો ચંત !
અરે હો ! ચિંતા શાની ચંત ?
ખરે હો ! તિમિરતણો છે અંત,
ધસો હો ! ગાતા ફાગ વસંત !
કરો વીર ! જયો જયો જી !—સિંહતણાં૦ ૮

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# હે ભારતના લડવૈયા!

( રણગીત છંદ )

૧

હે ભારતના લડવૈયા !
    તગતગતી તમ તરવાર ;
જેણે ચપલાચમકાર સમો
    ઝળકાવ્યો જગ ઝલકાર ;—
લ્યો હાથ ફરી તે, કેસરિયા !
    ઉછળાવો તે રણમાંય,
        ભારત કાજ
        ઘુમવા આજ,
    જ્યારે દળવાદળ ઘેરાય !
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
    ને દળવાદળ ઘેરાય !

૨

વીરા ! ભારત નહિ જાણે
    ધરણીપર બીજો મર્મ :
ઉર સત્ય અને પતિભક્તિ વસે,
    ભૂલે નવ ધારણ ધર્મ.
હા, નિશ્ચલ એમ હિમાલયશું
    દીપાવો તમ વર કાય,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

4/25/2021



દેશ વિદેશ
પતિપર લેશ
જ્યારે દળવાદળ ઘેરાય ;
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

૩

ભૈયા ! તમ પૂર્વજ કેરા
ધ્રુમશે ઘેરા સિંહનાદ ;
શિખરે શિખરે, કુહરે કુહરે,
જે નિજ રુધિરે દે યાદ !
તમ અર્જુન, અકબ્બર, રૂસ્તમની
તમને કૂદવશે ઝાંય,
ઉછળી પૂર,
લડવા શૂર,
જ્યારે દળવાદળ ઘેરાય ;
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

૪

શૂરા ! રણમાં ઝૂકાવો !
છાતી ફૂલે ભરપૂર :
રણમાં લડવું મરદાઈથિકી,
રણમાં પડવું બહાદ્દર !

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

પડઘમ કડકે, તોપો ધડુકે,
ત્યાં ફાળ ભરો તમ પાય ;
રમતાં જંગ,
રાખો રંગ,
જ્યારે દળવાદળ ઘેરાય ;
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

૫

ભૈયા ! તમ તેજધજા તો
ઉડશે નભમાં સ્વરવીર :
ધિમિકિટ્ ધિમિકિટ્ ધિમિકિટ્ કરતા
વિજયી ફરશો રણધીર ;
ત્યારે તમ જયગીતો ગાશું
ફુલડાં વેરંતાં ત્યાંય,
કરશું ત્યાર
તમ જયકાર,
જ્યારે દળવાદળ વેરાય ;
જ્યારે નભ ખોલે નવહાસ્ય મુખે,
ને દળવાદળ વેરાય !

સમાપ્ત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

# અરદેશર ફરામજી ખબરદારનાં
## છપાયલાં પુસ્તકો

### ગુજરાતીમાં

૧. **કાવ્યરસિકા**

કિંમત રૂ ૧–૮–૦

૨. **વિલાસિકા**

કિંમત રૂ ૧–૮–૦

૩. **પ્રકાશિકા**

કિંમત રૂ ૧–૪–૦

૪. **મલબારીનાં કાવ્યરત્નો** ( તંત્રી લેખે )

કિંમત રૂ ૩–૦–૦

૫. **ભારતનો ટંકાર**

કિંમત રૂ ૦–૧૨–૦

### અંગ્રેજીમાં

1. **The Silken Tassel** (અંગ્રેજી કાવ્યોનો પ્રથમ સંગ્રહ)

કિંમત રૂ ૨–૮–૦

મળવાનું મુખ્ય ઠેકાણું :

મેસર્સ **એન. એમ. ત્રિપાઠીની કંપની,**

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ભારતનો ટંકાર

*JUST PUBLISHED*

# THE SILKEN TASSEL

BY

## ARDESHIR F. KHABARDAR

INTRODUCTION BY

## Mr. JAMES H. COUSINS

**CONTENTS:**

*Songs of the Muse.*
*Songs of Nature.*
*Songs of the Heart.*
*Songs of Life's Highway*
*Sonnets.*

"In Mr. Ardeshir Khabardar there appears another among the already considerable number of English-Indian poets, one who, though he is a Gujarati, writes in English almost as if it were his mother-tongue. His poems disclose him as a lover of Love; * * as a philosophical observer of life and its darker problems, which he transmutes by his poet's wand of interpretation; and as one who "takes care" (as his name implies) of the correctness of all the technique of his art, as is shown in his command of metre, rhyme, scansion and vocabulary. His verses are full of tender sentiment. * * This is a book which should be particularly helpful to the many Indian students who at present are essaying to write English verse. It will form an instructive link between themselves and the great masters of classical English poetry because of its modern use of the older forms and the simplicity of his melodious style."— "*New India*."

*To be had from* the Author, Opposite the High Court, Madras.

or Theosophical Publishing House, Adyar, Madras.

**Price Rs. 2-8.**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust